વર્ષ ૨૦૧૬-૧૭ નવી બાબત

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત ૧૧ શાળાઓમાં કમ્પાઉન્ડ વોલનું બાંધકામ કરવા બાબત.

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૬-ન.બા.૬-ઘ

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૪/૦૪/૨૦૧૭

**વંચાણે લીધા** :-

(૧) ગુજરાત રાજ્ય ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટીનો તા.૨૯/૧૧/૨૦૧૬નો પત્ર ક્રમાંક: ટીડી/ઇએમઆરએસ/૨૦૧૬/૧૮૨૦/૨૧૯૭

(૨) ગુજરાત રાજ્ય ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટીનો તા.૨૦/૦૧/૨૦૧૭નો પત્ર ક્રમાંક: ટીડી/ઇએમઆરએસ/૨૦૧૬/૧૮૨૦/૨૪૮૯

**પ્રસ્તાવના** :-

આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી હસ્તક કુલ ૮૬ શાળાઓ કાર્યરત છે. જેમાં અનુ. જનજાતિનાં કુમાર કન્યાઓ માટે ભારત સરકારની જુદી જુદી યોજના અંતર્ગત એકલવ્ય મોડેલ શાળા, કન્યા નિવાસી શાળા તથા મોડેલ શાળાઓનું સંચાલન કરે છે. અંતરિયાળ વિસ્તારોની આ શાળામાં આવાસીય સુવિધા સ્ટાફ કવાટર્સ સહિતની હોય છે જેની ગ્રાન્ટ ભારત સરકાર અને ગુજરાત સરકારની સંયુક્ત રીતે હોય છે. આ શાળાઓ ખાસ કરીને છેવાડાના સ્થળો પર આવેલી હોય છે તેમજ શાળાઓની હોસ્ટેલમાં વિધાર્થીઓ નિવાસ કરતા હોય તેમની સલામતી માટે શાળાઓ ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવાની ખાસ જરૂરીયાત છે. ગુજરાત રાજ્યના વિવિધ ૧૧ સ્થળો પરની શાળાઓમાં કમ્પાઉન્ડ વોલનું બાંધકામ ૧. આશ્રમશાળા મહાલ, જી. ડાંગ, ૨. આશ્રમશાળા બારીપાડા, જી. ડાંગ ૩. આશ્રમશાળા માલેગાંવ, જી. ડાંગ ૪. આશ્રમશાળા ચીંચલી, જી. ડાંગ ૫. આશ્રમશાળા ગારખડી, જી. ડાંગ ૬. ઇએમઆરએસ શામળાજી, જી. સાબરકાંઠા, ૭. ઇએમઆરએસ વેજલપુર, જી. પંચમહાલ, ૮. જીએલઆરએસ બાબરઘાટ, જી. તાપી ૯. વડાતલાવ, જી. છોટા ઉદેપુર ૧૦. ઇએમઆરએસ ગોરા (નાંદોદ), જી. નર્મદા ૧૧. ઇએમઆરએસ ધાનપુર, જી. દાહોદ આમ સદરહુ શાળાના ફરતે કમ્પાઉન્ડ વોલ બાંધકામ માટે સોસાયટી દ્વારા ગવર્નીંગ બોડીમાં થયેલ નિર્ણય મુજબ અંદાજીત **૧000.00 લાખની** રકમની જોગવાઇ વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં કરવા વંચાણે લીધા ક્રમાંક (૧) થી દરખાસ્ત કરવામાં આવેલ. GSTES ના પ્રોજેક્ટ

મેનેજમેન્ટ કન્સલટન્ટ I.L& F.S દ્વારા કુલ ૧૧ શાળાઓ ખાતે કમ્પાઉન્ડ વોલનું બાંધકામ કરવા માટે વર્ષ ૨૦૧૫-૧૬ના S.O.R આધારિત કુલ ૧૬,૧૪,૭૬,૧૪૫ નો અંદાજો રજુ કરવામાં આવેલ જે પૈકી વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં રૂ.૧000.00 લાખની જોગવાઇ મંજુર કરવાની દરખાસ્તને મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત રાજ્ય ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત ૧૧ શાળાઓમાં કમ્પાઉન્ડ વોલના બાંધકામ માટે અંદાજીત રૂ.૧,૬૧૪.૭૬ લાખ (સોળ કરોડ ચૌદ લાખ છોત્તેર હજાર)ની અને તે પૈકી વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૧000.00 લાખની જોગવાઇ અંગેની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે:

## શરતો:-

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો રજૂ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(3) બાંધકામના કામોમાં P.W.D મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૪) રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૫) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) શક્ય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૮) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૧૧) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનુ રહેશે.

(૧૨) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષે આખરે સરન્ડર કરવાની રહેશે

(૧૩) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં **માંગણી ક્રમાંક: ૯૬,** આયોજન, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: ૮૯, વીકેવાય-૧૫ ગુજરાત આદિજાતિ શૈક્ષણિક સોસાયટી હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૭/૦૪/૨૦૧૬ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી.પી.પટેલ )
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ. બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજયુકેશનલ ઇન્સ્ટીટયુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ
- સિલેકટ ફાઇલ.

--------------------

> **પત્ર દ્વારા**